રાજ્યની શિક્ષણ સમિતિઓ તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી-શિક્ષકનું પ્રમાણ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૨૮૬/૩૨૭૦/ક,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ: ૧૪-૧૦-૧૯૮૭.

વંચાણમાં લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા. ૨૨-૯-૮૦ નો ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧૮૦/૩૫૨૭૪/ક.

(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો તા. ૪-૧૦-૮૬ નો પત્ર ક્રમાંક:૨૬/૫નસા/૮/૮૬-૮૭/છા/ગુજ./૧૧૫૫૩.

આમુખ:-

પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી-શિક્ષકનું પ્રમાણ શિક્ષણ વિભાગના તા. ૨૨-૯-૮૦ ના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧૮૦-૩૫૨૭૪/ક દ્વારા નક્કી કરવામાં આવેલ છે તે મુજબ ધોરણ-૫, ૬ અને ૭ માં પ્રત્યેક વર્ગદીઠ ૧૫ થી ૪૦ વિદ્યાર્થીઓની સંખ્યાએ એક શિક્ષક મળવાપાત્ર થાય છે. ટૂંકમાં ધોરણ-૧ થી ૪ ની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૫નો વર્ગ શરૂ કરવા માટે ૧૫ વિદ્યાર્થીઓ હોય તો એક વધારાનો શિક્ષક મળવાપાત્ર થાય છે.

આદિજાતિ વિસ્તારમાં પ્રાથમિક શાળાઓમાં પહેલાં ધોરણમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં તે પછીના વર્ષમાં ઘટાડો થાય છે એટલે આદિવાસી વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૫ શરૂ કરવા માટે લઘુત્તમ વિદ્યાર્થીઓની સંખ્યાનું પ્રમાણ ૧૫ નું છે તેમાં ફેરફાર કરી વિદ્યાર્થીઓની સંખ્યાનું પ્રમાણ ૧૦ કરવાની રજૂઆત સરકાર સમક્ષ વારંવાર થતી આવેલી છે.

આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણના ધ્યેયને પહોંચી વળવા માટે રુકાવટ કરતું આ મુખ્ય પરિબળ છે. પ્રાથમિક શાળામાં પ્રવેશેલ બાળક ૧૪ વર્ષની ઉંમરનું થાય ત્યાં સુધી શાળામાં ટકતું નથી. આદિવાસી વિસ્તારમાં બાળકને શાળાએ આવતું કરવા અને શાળાએ આવતું બાળક શાળામાં ટકી રહે તે માટે પ્રોત્સાહક યોજના

.....૨

યોજના આવા વિસ્તારમાં અમલમાં મૂકવામાં આવેલ છે, આમ છતાં આવા વિસ્તારમાં ધોરણ-૪ થી ઉપરના ધોરણો શરૂ કરવા માટે ૨૫ વિદ્યાર્થીની સંખ્યાનું પ્રમાણ બાધક નિવડવાનું ધ્યાન ઉપર આવેલ છે.

**ઠ રા વ :-**

ઉપર્યુક્ત બાબતમાં પૂર્ણ વિચારણા કર્યા બાદ આદિવાસી વિસ્તારમાં ધોરણ-૫, ૬, અને ૭માં વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં શિક્ષક આપવાના ધોરણમાં છૂટછાટ મૂકી પ્રત્યેક વર્ગદીઠ ૧૦ થી ૪૦ વિદ્યાર્થીઓએ એક શિક્ષક આપવાનું આથી ઠરાવવામાં આવે છે. તારીખ: ૨૨-૯-૮૦ ના ઠરાવ ક્રમાંક:પીઆરઈ।૧૧૮૦।૩૫૨૭૪।ક ની અન્ય જોગવાઈઓ યથાવત ચાલુ રહેશે.

આ ઠરાવનો અમલ ૧૯૮૮-૮૯ ના શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની ફાઈલ ક્રમાંક:પીઆરઈ।૧૩૮૬-૧૩૪૬।ક પરની નાણાં વિભાગની તારીખ:૧૧-૮-૮૭ ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જ. મ. સુતરીયા
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા શિક્ષણ સમિતિ
તમામ શાસનાધિકારીશ્રીઓ, મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ,
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ । રાજકોટ,
એકઝામીનર લોકલ ફંડ એકાઉન્ટસ, અમદાવાદ । વધારાની ૨૦ નકલ સાથે।
પે એન્ડ એકાઉન્ટસ ઓફિસર, અમદાવાદ,
આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
"ચ" શાખા, "ન" શાખા, શિક્ષણ વિભાગ,
સિલેકટ ફાઈલ.

"મેલ વી."

૨૩।૧૨